એપ્રિલ-૨૦૨૦

અંક ૬

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE

# ઝરણું

તંત્રીશ્રી
પ્રકાશ પરમાર

www.gujaratichristiannews.blogspot.com

સહતંત્રીશ્રી
શૈલેષ વાણીયા 'શૈલ'



# વિશ્વજોગ પ્રાર્થના



હે સ્વામી, કોરોના વાયરસ દૂર કરો. તમે અમારા પરમ પિતા સકલ વિશ્વના સર્જનહાર મા મરિયમ ના પુત્ર, જગતના મુક્તિદાતા, તારણહાર ભગવાન તરીકે પસંદ કરી, અમ્ પર રહેમ કરો, આશીર્વાદ આપો કોરોના વાયરસ સમગ્ર દુનિયા ઉપર વ્યાપી રહ્યો છે. તેને નાબૂદ કરો. તેની સામે અમારું રક્ષણ કરો.

આ સમયમાં અમે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળીએ. ટોળાઓ થી દૂર રહીએ. જે લોકો રોગથી પીડાય છે. તેવા દર્દીઓને તમારો સ્પર્શ થવા દો. નવું જોમ આપો. દેશની સેવામાં જોડાયેલા તમામ રક્ષકો, પરિચારિકા ઓ ડોક્ટરો નાના મોટા સેવકો ને હર હંમેશ સંભાળો. તેઓ નું જતન કરો.

રોગને નાથવા માટે તમામ માનવજાત એકબીજાને સહયોગ આપે, તેવું તમે થવાદો. તમારી શક્તિ આપો. કોરોના વાયરસ અમારા દેશ તથા સમગ્ર દુનિયામાંથી નાબૂદ થાય તે માટે અમે તમને પ્રાર્થના કરીએ છીએ. તમેતો પ્રેમાળ છો. દયા સાગર છો કરુણાના ભંડાળ છો. તમારી કૃપાઆ રોગ ઉપર ઉતારો. દૂર કરો. જનજીવન સામે જુઓ અમારા પાપોને માફ કરો. આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ. આમેન.

- રેવ. ફાધર અરૂલ કઠલાલ

# પવિત્ર શુક્રવાર

૧૦ એપ્રિલ–૨૦૨૦



વર્ષ ૨૦૨૦ અંક ૬

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE ઝરણું




અધ્યક્ષશ્રી
રેવ. ફા. અરૂલાનંદમ્



તંત્રીશ્રી
પ્રકાશ પરમાર



સહતંત્રીશ્રી
શૈલેષ વાણીયા 'શૈલ'



સંપાદકશ્રી
નિલેષ રાઠોડ



પ્રકાશકશ્રી
જોન બેડા પરમાર 'રમણ'



ડિઝાઈન
જેક્સન પરમાર
મો. નં. 90334 44808


જાહેરાત આપવા માટે સંપર્ક કરો
zarnuemagazine@gmail.com
96245 70190, 97240 51472

## એપ્રિલ-૨૦૨૦

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ⇒ | વિશ્વજોગ પ્રાર્થના – પૂ. ફા. અરૂલ (કઠલાલ) |
| ⇒ | હું કેમ નહીં? - શૈલેષ વાણીયા 'શૈલ' (તંત્રીલેખ) |
| ⇒ | જવાબદાર બાળ – પ્રીતિ પરમાર 'પ્રીત' |
| ⇒ | ઉપવાસનું મહત્વ – નિલેશ રાઠોડ 'નીલ' |
| ⇒ | જીવન યાત્રા - રસિક પરમાર |
| ⇒ | વાત ઘેરૈયાની – મથુર વસાવા |
| ⇒ | ચાવી – અશોક મેકવાન |
| ⇒ | પુણ્ય – મુકેશ રાઠોડ |
| ⇒ | સ્વ-સ્વીકાર – શૈલેષ ક્રિસ્ટી |
| ⇒ | ક્ષમાદાન – જોન ફિલિપ મેકવાન |
| ⇒ | ક્રાઇસ્ટ ચર્ચ-શિમલા – અંકિત ડાભી |
| ⇒ | પાઘડી પહેરી – જોસેફ મેકવાન |
| ⇒ | Teachers: Moral education? – Carol M. Macwan |
| ⇒ | ખરું-ખોટું અને સાચ-જૂઠની પરખ – રોયલ ખ્રિસ્તી |
| ⇒ | પ્રેમ – હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા |
| ⇒ | કાવ્ય વિભાગ (૧૦ રચના) |


કવિતા, લેખ, શુભેચ્છા તથા શિક્ષણ જગતને લગતી માહિતી તા. ૧૫ સુધીમાં આપનો એક ફોટો તથા ફોન નંબર આપશો.

નોંધઃ મેગેઝિનમાં છપાતા લખાણ અને જાહેરાત માટે તંત્રી કે મેગેઝિન જવાબદાર રહેશે નહિ.



# હું કેમ નહિ?

સહતંત્રીશ્રી શૈલેષ વાણીયા 'શૈલ'



વ્હાલા વાચક મિત્રો તમારી સમક્ષ ટાઇટલ લઈને ઊભો છું. તમે વાંચ્યું હશે કે 'હું' શબ્દ સાંભળતા જ મનમાં વિચારો એ પકડ્યો બોલો સાચી વાત થોડાક સમય પહેલા તો તમે જ કહેતા હતા કે 'હું' માંથી બહાર આવી વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ અહીંયા વાત આખી અલગ છે. હું કેમ નહીં? પાંચ અક્ષરો મળીને જે અજાતશત્રુ છે. તેને દૂર હટાવી કામની વાત કરવામાં આવી છે. મોટાપણાની નહીં.....

કોઈ પણ સમાજ હોય તેને આગળ લઈ જવા માટે યુવાધનને મોટિવેશનલ કરવાની જરૂર છે. જો યુવા ધન યોગ્ય માર્ગે વળી જશે તો ઘર, કુટુંબ, સમાજ, દેશનું ભલું થઈ જાય આજની વાસ્તવિક બાબત એ છે. કે મારે કરવું છે. સામાવાળાને કરવા દેવું નથી તે નગ્ન હકીકત છે. માટે જ મારા વ્હાલા યુવાધન તમે મારા જેવા સર્જક મારાથી પણ મોટા એન્જિનિયર, વકીલ, ઉદ્યોગકાર, વૈજ્ઞાનિક, ક્રિકેટર, નાયક, નેતા બની શકો છો. તેના માટે સખત મહેનતની જરૂર છે.

સૌ જાણો છો ઇતિહાસના પાના સાક્ષી છે. ક્રિકેટ જગતના સચીન તેંડુલકર હોય, કે ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચન હોય, ઉદ્યોગપતિ ધીરુભાઇ અંબાણી હોય, કે દેશના નેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ હોય, શિક્ષક જગત ના ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણ હોય, કે વૈજ્ઞાનિક મિસાઈલમેન ડૉ.અબ્દુલ કલામ હોય, તેઓના જીવનમાંથી પ્રેરણા લેવાની છે. હું કેમ નહીં? આજથી નક્કી કરો.

ઉપર દર્શાવેલ મહાનુ ભાવોના જીવનમાંથી પ્રેરણા સ્તોત્ર લેવાનો છે તેમના માંથી કંઈક મેળવવાનું છે. આ શિખામણ નથી બોધ પાઠ છે. જિંદગી પડકારો નું બીજું નામ છે. તમે બાળકમાંથી તરુણ ને તરુણ માંથી યુવા અવસ્થા ને ઉંમરે જઈ ઊભા છો. ત્યારે સૌનો સ્વીકાર કરીએ અવસર ચાલો જાય તે પહેલા પકડી લઈએ. જીવનમાં એક પૂરુ થતું નથી ને બીજું આવી જશે. માટે જ સાચે કહું છું કે...



જિંદગી ગુજર રહી હૈ  
ઇસ્તેહાનોકે દોર શે  
એક જખ્મો ભરતા નહીં  
ઔર દૂસરા આને કી જીદ  
કર રહા હૈ......

ચેતી જાઓ જે સમયે જે થવું જોઈએ તે કામ કરો. હું કેમ નહીં? મારાથી પણ આ થઈ શકે છે. આજથી અને અત્યારથી જ ધ્યેય તરફ આગળ વધો એ જ શુભેચ્છા.

પવિત્રગ્રંથ બાઇબલ ઉપદેશ માળાના ૨૨ મો અધ્યાય ૧૦ મી કલમ માં જણાવવામાં આવે છે. કે મૂરખ સાથે વાત કરવી એ ઝોકાં ખાધા સાથે વાત કરવા બરાબર છે. અંતે તે પૂછશે કે "શાની વાત કરો છો" ?

મારે તો એટલું જ કહેવું છે. કે કોઈપણ કાર્ય હોય હું કેમ નહીં ? અંતમાં બાઈબલ માં ઉપદેશ માળા ૨૩ મો. અધ્યાય ૨૬ મી કલમ માં જણાવે છે કે 'હું કહું તેના ઉપર ધ્યાન આપ. અને હું જે કરું તે લક્ષ રાખ.' જીવન સ્વર્ગ બની જશે.... આગળ વધો હિંમત રાખો.

વડીલોનો ઠપકો....શિક્ષક ની સજા...સોની ની એરણ  
સર્જક નું લખાણ.....  
અંતે તો ઘરેણું જ બની જાય છે...



# જવાબદાર બાળ

પ્રિતી વાણીયા 'પ્રીત'



"પુત્રના લક્ષણ પારણે વહુનાં લક્ષણ બારણે"

જૂની ને જાણીતી કહેવત મુજબ નવોઢા જ્યારે પરણીને સાસરે આવે ત્યારે વડીલો તેની ચાલ હાવભાવ ઉમરે પગ મૂકે તેના દ્વારા તેનું મૂલ્ય આંકીનાખેછેઆવનાર વહુ ઘર ને તારે કે ડુબાડે એવું જ પુત્ર જન્મે ત્યાર પછી પારણું બાંધવામાં આવે છે પુત્ર પારણે ઝૂલતો કોઈને વડીલો આજુબાજુના લોકો તેનું મૂલ્ય આંકતા હોય છેકેઆ દીકરો દિ ઉજાળે મોટો થઈને મા બાપનું નામ રોશન કરશે કે.નામ બગાડે

આજે મારે તમને સંસ્કારી પરિવારની વાત કરવી છે નાનું કુટુંબ મમ્મી પપ્પા પુત્રકુલ ત્રણ જણા મમ્મી અપંગ અસકત માત્ર નાનું-મોટું ઘર કામ થઈ શકે પપ્પા કંપનીમાં જાય જે કંઈ પૈસા આવે તેમાંથી ઘર ચાલેઅમિત ભણવામાં હોશિયાર જોતજોતામાં છઠ્ઠા ધોરણમાં આવી ગયો. કુદરતને કદાચ મંજૂર નહીં હોય કંપનીમાંકામકરતા તેના પપ્પાનો હાથ કપાઈ ગયો તેના પપ્પાને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હવે ઘર સંભાળવાની જવાબદારી તેના શરીર પર પડી.



ઘરમાંનું અનાજ ખૂટવા લાગ્યું પૈસા ખલાસ થવા લાગ્યા અમિત એ નક્કી કર્યું કે આજથી હું હવે ચા સ્ટોલ ઉપર ચા નુ વિતરણ કરીશ આમ અમિત સવારના છ થી તે દસ વાગ્યા સુધી ચા વિતરણ કરતો ત્યારબાદ ઘરે આવીને સ્કૂલમાં જતો જે કાંઈ નાણા આવતા તેમાંથી ઘર ચાલતુંઆ બધી વાત તેના વર્ગ શિક્ષક જાણતા હતા પરીક્ષાનું પરિણામ આવ્યું અમિત ત્રીજા નંબરે પાસ થયોમળવાપાત્ર ઇનામ તેને ન મળ્યું.

શાળાના પ્રિન્સીપાલ ને આ વાતની જાણ થઈ તેઓએ સનમાન સમારંભ કાર્યક્રમ રાખ્યો જેમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે અમિત નું સન્માન કરવામાં આવ્યું તેના માટે શાળા તરફથી શિષ્યવૃતિ નું આયોજનકરવામાં આવ્યું તે બાળક ખૂબ ભણયો ભણતર સાથે માતા-પિતાની સેવા કરી ઘરની જવાબદારી નિભાવી આજે તે વિદ્યાર્થી કલેકટરની પોસ્ટ પર છે

"ચાહેન પૂજે મુરત ચાહેન તીર્થ જાયે
માતા-પિતા કે તન મેં સારે દેવ સમાયેલ
તું ઉનકા દિલ ખુશ રાખે તો ઈશ્વરખુશ હો જાયે
ભગવાન તુજ કો મિલ જાયેગા." .......

જવાબદાર બનો. વફાદારી નિભાવો તમે પણ કલેક્ટર બની શકો છો. બાળમિત્રો અમિતની અભિનંદન સાચે જ જવાબદાર બાળ છે.



# ઉપવાસનું મહત્વ

નિલેશ રાઠોડ 'નીલ'



ધર્મસભાએ આપણને સુંદર ઋતુઓ આપેલી છે, એમાંની એક તપઋતુ છે. તપઋતુ એટલે ઉપવાસ, દાન, પરોપકાર, પ્રેમ પોતાના શરીરને કષ્ટ પહોંચાડવું એવું આપણે સૌ વર્ષોથી માનતા આવ્યા છીએ,અને કરીએ છીએ. તપઋતુની શરૂઆતનો પ્રથમ દિવસ એટલે કે ભસ્મ બુધવાર. ભસ્મ બુધવારે વહેલી સવારે નાહી ધોઈને ચર્ચમાં જઇએ છીએ,ઉપાસના વિધિમાં,ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લઈએ છીએ.કપાળ પર ભસ્મ લગાવી છીએ.આ એક રૂઢી પરંપરા ચાલી આવી છે.

શું ઉપર જણાવ્યા મુજબ આપણે વર્તન કરીએ છીએ તેને ઉપવાસ કરી શકાય! પ્રભુ ઈસુ તો અલગ અંદાજમાં ઉપવાસની વ્યાખ્યા આપે છે તે જણાવે છે કે તારું નૈવેદ્ય ચડાવતા પહેલા જો તારે તારા ભાઈ સાથે અણબનાવ હોય તો તેની પાસે જઈને માફી માંગ અને નૈવેદ્ય ચડાવ. તપની આ સાધનામાં ઉપવાસ, દાન, ધર્માદા એ બધું તો થાય જ છે અને કરીએ છીએ.પરંતુ મારા મતે સૌથી અગત્યનો ઉપવાસ હું જેને સૌથી વધારે નફરત કરું છું, તેને પ્રેમ કરૂ તેની સાથે સમાધાન કરું. પયગંબર યશાયા (૫૮: ૬-૭) માં ઉપવાસનો મહિમા સમજાવતા જણાવે છે કે મારો મનપસંદ ઉપવાસ એટલે અન્યાયના બંધનો તોડી નાખવા,જુલમની ઝૂંસરી ભાંગી નાખવી,દલિતોને મુક્ત કરવા,ભૂખ્યા સાથે વહેંચીને ખાવું, ઘર વગરનાને પોતાના ઘરમાં આશરો આપવો,ઉઘાડાને જોતા તેને વસ્ત્રો પહેરવવાં, અને માનવબંધુઓને ભીડમાં જોઇને આંખ આડા કાન કરવા નહિ. જો આપણે આ રીતે ઉપવાસ કરીએ તો પ્રકાશ ચોમેર પ્રગટશે. પરંતુ આ કાર્ય કરવું સહેલું છે પણ અઘરું નથી.ઈશ્વર પિતાએ આપણા પાપોની કિમત ચૂકવી દેવા પોતાના પ્રાણ આપી દીધાં.તો આપણે આ તેનું કામ ન કરી શકીએ. લુક (૨૧: ૧-૪) જણાવે છે કે ઈસુએ સામે જોયું તો પૈસાદાર માણસો મંદિરના ભંડારમાં ભેટ નાખતા હતા.ત્યાં તેમણે એક ગરીબ વિધવાને બે કોડી નાખતી જોઈ,અને કહ્યું, "હું તમને સાચું કહું છું કે, આ ગરીબ વિધવાએ બધા કરતાં વધારે નાખ્યું છે.કારણ,એ બધાએ તો પોતા પાસે જે વધારનું હતું તેમાંથી ભંડારમાં નાખ્યું છે.પણ આ બાઈ પાસે તો પોતા માટે પણ પૂરતું નહોતું,છતાં એણે પોતાની જીવાદોરી જ આપી દીધી છે"

ખ્રિસ્તપ્રભુમાં મારા વ્હાલા સ્નેહીજનો તપઋતુની પરાકાસ્ઠા પૂર્ણ થવાની છે.આપણે સૌ એકબીજાને સાચા દિલથી, એકબીજાની નજીક જઈએ અને કરવા જેવું કામ હોય તો કરીએ.મારા વાલા યુવામિત્રોને પ્રેમભર્યો પૈગામ એટલો જ કે તપઋતુમાં એકબીજાને માફી આપીએ,સાચાં અને સારા પ્રકાશના પંથે જઈએ કરીએ અને ઈશ્વરની કૃપાઓ મેળવવીએ એ જ સાચી તપઋતુ. સજીવન થયેલા ઈસુખ્રિસ્ત આપ સર્વના હૃદયને પ્રેમ, આનંદ, અને ખુશીથી ભરી દે એ જ પ્રાર્થના...!




આપ સર્વને પાસ્ખા પર્વની શુભેચ્છાઓ...

***HAPPY EASTER***

ઈ મેગેજીન ઝરણું- સંપાદક નિલેશ રાઠોડ "નીલ"



# જીવનયાત્રા

રસિક પરમાર (વડોદરા)



જીવન યાત્રા એક સફર... જીંદગી કા યે સફર કૈસા સફર કોઈ સમજા નહીં કોઈ જાના નહીં.

આપણાં જીવનમાં અનેક પ્રકારની મુસીબતો છે. આ સફર મુસીબતો સામે લડતા લડતા આપણો જીવનયાત્રા પાર કરવાની છે. આપણે ક્યારેક નિષ્ફળતા મળી જાય છે પ્રેમ એકબીજા સાથે રાખો. જીવનમાં અનેક પ્રકારની ખામીઓ પણ છે.એ ખામીઓ પણ જાણવા ની જરૂર છે. અને ખામીઓ સમજવાની કોશિશ કરીને આગળ સફરે નીકળી પડવાનું છે.અને આવી ખામીઓ દરેક નામાં હશે એમાં આપણી ખામી શોધવાની જરૂર છે.તકલીફો અને મુશ્કેલી ને ધ્યાનમાં રાખીને સદાય હસતા હસતા ચહેરે વધતા રહો.કોઈ છે ખામીઓ વગર નું.આપણે સદાય બીજા બધા સાથે એમની ભૂલો અને ખામીઓ જોઈએ છીએઆ સફર સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવેછે અને એ આયોજન પ્રમાણે જીવન સફર છે. વિચારો....

આ જીવન યાત્રા માં અનેક પ્રકારના લોકો આપણા જીવનમાં પસાર થશે અને સાચા અને ખોટા રસ્તા પર ચાલવા માટે સજાગ રહેવું પડશે જીવન જીવવાની કળા શીખવી પડશે.સદાય ખૂશ રહો જેવી રીતે ગુલાબ ના ફુલ સાથે કાંટા હોય છે અને હંમેશા ગુલાબ ખીલે છે અને સુગંધિત વાતાવરણ ફેલાવતું રહે છે.માર્ગે આડે અનેક અડચણો આવતી રહેતી હોય છે.

એકલા એકલા વિચારો માં ખોવાઈ જઈએ છીએ ત્યારે શાંત હૃદયમાં અનેક વિચારો માનો અેક નાનો સરખો વિચાર મારા જીવનમાં આનંદ લાવે છે."મુસાફિર હું યારો ચલતે જાના હૈ.ના ઘર ના ઠીકાણા બસ ચલતે જાના હૈ." જીવન ની સફર સાથે મિત્રતારુપી હમસફર મળે તો ભવસાગર તરી જવાય ક્યારેક સફર સુહાની સફર બને છે પણ છેક સુધી તો નહીં જ.જિદગી એક સુહાના સફર હશે,કલ કયા હોગા કિસને જાના.જિદગી નો શું ભરોસો કયારે મંઝિલ પર પહોંચી જવાય.





# વાત ઘેરૈયાની...



મથુર વસાવા

હોળી -ધૂળેટી પર્વ નિમિત્તે સૌ અબાલવૃદ્ધ પોતાના ગામ ભણી જઈ રહ્યા હતા.સૌમાં હોળી- ધૂળેટી પર્વનો અનેરો ઉત્સાહ ઉભરાતો હતો.તેમાંય ચુન્નુ- મુન્નુને ધૂળેટીનું નામ કાને પડતા જ ગેલમાં આવી જતા હતા .ગામનું બજાર સામાન્ય દિવસો કરતાં હારડા , ખજૂર ,ધાણી , ચણા અને કોપરાથી ધમધમી રહ્યું હતું .શહેરમાં પેટીયું રળવા ગયેલો પરિવાર ફરી પાછો બે પાંદડે થઈ ગામડે ઉમંગભેર આગમન થઈ ચુક્યો હતો, દૂરદેશાવર નોકરી–ધંધાર્થે ગયેલો દીકરાએ પણ ગામની વાટ પકડી લીધી હતી ,આમ હોળી પર્વની ઉજવણીમાં ગ્રામજનોનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

શાળામાં અમારી પણ હુતાસણી- ધૂળેટીનું મીની વેકેશન હોવાથી અમને ઘરની હવા લેગીરેય જંપવા દેતી નહોતી તેથી અમે પણ માદરે વતનની વાટ પકડી.તહેવાર ટાણે ખાનગી મુસાફરોનાં વાહનોનાં ભાડાં આસમાને હતા .તે છતાંય વતનની વાટ અને યાદ અમને તથા સૌને વહાલી લાગે,બમણું ભાડું પણ સસ્તું લાગે,કારણ કે ધરતીનો છેડો ઘર હોય છે.વતન ભણી જતા રસ્તાઓ પર વાહનોનું સામ્રાજ્ય વધુ હતું,ખાનગી વાહનોનું ભાડું બમણું તેથી હોળી ધૂળેટી પર્વ હોય કે દિવાળી પર્વ ટાણે ખાનગી વાહનોવાળના તો ઘી કેળા જ.મુસાફરી કરતાં રસ્તાઓની બાજુમાં દ્રષ્ટિ કરતાં કેસૂડાને સાદ્ૃશ નયને નિહાળવાનો લહાવો અમને સાંપડ્યો .કેસૂડો આખી મુસાફરીમાં મનોરમ આપનાર હતો,કેસૂડાના ફૂલોનો પમરાટ અને રંગો અમારી જિંદગીમાં જાણે રંગો ભરતો હોય તેમ ભાસતું હતું ,સમગ્ર ઘટાટોપ જંગલમાં કેસૂડો સિંહાસન પર બેઠો હોય તેમ દૂરથી દીસતું હતું .ઘડીક હું અતીતમાં ખોવાઈ ગયો,બાળપણમાં અમે ગામનું ગોંદરું વટાવી પલાશ પ્રદેશમાં પાંદડા લેવા જતા, પલાશ પ્રદેશમાં અલગારી બની રખડતા અને રખડવાનો આનંદ લૂંટતા .ખાખરા પ્રદેશમાં અત્રતત્ર પલાશનાં જ વૃક્ષો જોવા મળતા .કેસૂડાના ફૂલોનું જેટલું મહત્વ આયુર્વેદમાં છે તેટલું મહત્વ તેના પાંદડાનું પણ છે. જૂના જમાનામાં લગ્ન પ્રસંગનાં ભોજન સમારંભમાં ‘બાજ’(પાંદડાની થાળી)નો ઉપયોગ થતો હતો, ખાખરાનાં પાંદડાની સપૂર્ણ ‘બાજ’ તૈયાર થતી ,ખર્ચ બચી જતો પણ આજે તે બાજનું સ્થાન ‘પ્લાસ્ટીકની થાળીએ લઈ લીધું છે.મારા સ્મરણના અંતે વનાંચલનો નૈસર્ગિક વાતાવરણ પૂર્ણ કરી અમે પિયરના ઘરે પહોંચ્યા .ગામડે પહોંચ્યા ત્યારે સૌના ઘરે ખુશીના તોરણ બંધાઈ ચૂક્યા હતા .માનવ મહેરામણ અને ઉત્સાહ –આનંદ ઘરમાં છલોછલ ઉભરાતો હતો .અમે પણ માનવ મહેરામણમાં ઉમેરાયા,હોળીની ઉજવણીમાં સહભાગી બન્યા.આમ હોળી પર્વ અમારા જિંદગીના દળદાર ગ્રંથમાં સંસ્મૃતિ બની ગયો.

હોળીના બીજા દિવસે એટલે કે પડવાને દિવસે અબીલ ગુલાલ સાથે રંગોત્સવની ઉજવણી થઈ રહી હતી ,ગામડામાં રિવાજ પ્રમાણે ઘેરૈયાઓ ઘરે ઘરે ગેર માંગવા ફરતા હતા. પોતાના ઘરની આર્થિક સ્થિતિ મુતાબિક ઘેરૈયાઓને પૈસા આપતા હતા જેમ કે દસ ,વીસ ,પચાસ, સો .ધૂળેટીનાં દિને પિયરના ઘરે પણ ઘેરૈયાઓ વાજતે ગાજતે આવ્યા.

ઘેરૈયાઓ ઘરે આવ્યા એટલે સૌ ઘેરૈયાઓને પીવા માટે પાણી આપ્યું.ત્યારબાદ ઘેરૈયાઓને ગેર આપવામાં આવી તેથી સૌ રાજીના રેડ થઈ ગયા અને કમરે બાંધેલા વજનદાર ઘૂઘરાંનો રવ કરવા લાગ્યા ,ઘૂઘરાનો ધ્વનિ શાંત થતા જ પરિવારના બધા જ સભ્યો સાથે ઘેરૈયાઓ સાથે રામરામી લીધી અને તેઓ વિદાઈ થતા હતા ત્યારે જ એક વૃદ્ધ ઘેરૈયાદાદાને

સસરાએ તેમના પરિવારના ખબર અંતર પૂછતા કહ્યું; 'ઘરે બધા સારા જ છે ને'? ઘેરૈયાનાં મુખમાં ઉત્તર મોજૂદ હતો; 'ઘરમાં એકદમ સુખ શાંતિ છે,કવચિત દુ:ખની અનુભૂતિ થતી નથી.' ઘેરૈયાના અલ્પ શબ્દો પણ હદય સ્પર્શી હોવાથી, પરિવારના સભ્યો ઘેરૈયાની વાત પર વધુ કાન માંડવા લાગ્યા અને ઘેરૈયા તરફ મીટ માંડવા લાગ્યા. ઘેરૈયાએ પોતાની દાસ્તાન આગળ રજૂ કરતાં કહ્યું; 'ઘરમાં દીકરો અને વહુ ખૂબ શિષ્ટ છે આથી મારી જિંદગી મને ડામાડોળ લાગતી નથી,ઘરમાં બધું રૂડું લાગે છે,ભગવાનનો પાડ માનું છું કે જીવનની પાનખરમાં પણ મારી તેઓ દિન-રાત શુશ્રૂષા કરે છે તેમજ મને હડધૂત કરતાં નથી, દીકરો અને વહુ મને હરહંમેશ મારી જરૂરિયાતો વિશે પૂછતા હોય છે,તેઓ ભલે ભોજન ઠંડું લે પણ પણ મને ગરમ ગરમ ભોજન આપે છે, કપડાં પણ વહું જ ધોઈ નાંખે છે,બધી જ વસ્તુઓ મને સુલભ મળી જતી હોય છે અહર્નિશ મારી સેવામાં તેઓ તત્પર રહેતા હોય છે,ઘડપણમાં એથી વિશેષ બીજું શું જોઈએ ?તેઓની સેવા અને હૂંફથી હું ખુશ છું.'આટલી વાત પૂર્ણ કરી ઘેરૈયા અન્ય સાથી ઘેરૈયાઓ સાથે ઘરેથી વિદાઈ થઈ ગયો.ઘેરૈયાની વાત સાંભળીને પરિવારના સૌ સદસ્યો અભિભૂત થઈ ગયા, ઘેરૈયાની વાત ઔલકિક હતી, ઘેરૈયાનાં મર્મસ્પર્શી શબ્દો આજની નવી પેઢી માટે પ્રેરણાત્મક હતા, તેમના શબ્દો જિંદગીના શિલાલેખમાં ઊંડા અક્ષરે કોતરાય જાય તેવા હતા.

આજનાં યુગમાં આધુનિક દીકરો વૃદ્ધાશ્રમમાં જજની – જનકને મૂકી આવતા વાર નથી લગતી ત્યારે બીજી તરફ દૃષ્ટિપાત કરતાં ઘેરૈયાનો દીકરો અને વહુ ઘેરૈયાને સેવા અને હૂંફ આપવામાં નિત્ય આતુર છે,દીકરો અને વહુ





# ચાવી


અશોક મેકવાન



કોઇને દોલતનો શોખ કોઇને રૂપનો અહંકાર હોય કોઇને જાતજાતના ઝવેરતાનો શોખ હોય કે કોઇને જાતજાતના શરીરનો શોખ હોય કે કોઇને હલવાઇનો શોખ હોય કે કોઇને સ્વર્ગ જ્ઞાનનો શોખ હોય કે કોઇને ધર્મગ્રંથોનો શોખ હોય કે કોઇને પોતાની ધાર્મિક સત્તાનો કે રાજકીય સત્તાનો શોખ હોય કે કોઇને પોતાના જ્ઞાનનો શોખ હોય તો તે શેની શેની દુકાન કાઢે?

જીવનમાં સારા કે ખરાબ લોકો માટે પણ સુખ-દુઃખની પરોપકારી દુકાન ખોલી સરખો વ્યવહાર રાખવો તો જીવનની દુકાન એનું ફળ અચૂક દેખાડશે તેમાં કોઈ શંકા નથી. સાચા જીવનનાકર્મોની શ્રદ્ધા કહેવાય છે. પોતાની ભલાઈના કર્મોની શ્રદ્ધા જ પોતાના મનના ઈશ્વર કે પરમાત્માનું જ્ઞાન સમજાવે છે. કારણ ઉપરના જીવનમાં સુખ-દુઃખ એક સિક્કાની બે બાજુ હોય છે. જીવનમાં સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ પોતાના કર્મોને જીવતાંજીવ પૃથ્વી ઉપર સાબિતી દેખાડે છે. તમારા સુખની ચાવી તમારા પોતાનાહાથ માંજ છે. સુખ અને સફળતા પ્રાપ્ત કરવાની ચાવી આપણું મન જ છે. દા. તજમીનનો જેટલો પ્લોટ હોય છે એટલો જ બંગલો કે મકાન કે ઝૂંપડું બને છે. અને જીવનમાં જેટલી ચાદર હોય તેટલા જ પગ ફેલાવવા જોઈએ? પૃથ્વી ઉપરનું જીવન ચિતા સમાન છે. જીવનનું સારૂં આરોગ્ય તેના કામ દ્વારા ચાવી મળે છે.

પોતાનું માનવ મન શાંતિ કે અશાંતિ દુઃખ કે સુખ પીડા કે આનંદ પોતે ઉભા કરે છે. પોતાના સ્ટ્રેસ સામે લડવાની મનની આતરિક ચાવી લેટગોની ભાવના છે. જે તમારા મનની હોડીને સ્થિર રાખે છે. અને તમારા મનની શક્તિઓ સુખ કે દુઃખના સમયે ધીરજ મુજબ ટકી રહે છે. મન તો એક નાવડું છે. જો આપણું જીવનનું નાવડું તોડી નાખીએ તો જીવન ડૂબી જાય છે.હમેશા ભક્તિ મયજીવનમાં મનનું નાવડું શક્તિ અને શાંતિથી તરતું રહે છે. તમે જીવનમાં સ્વર્ગીય સુખનો આનંદ પામો એજ પ્રાર્થના છે. જીવન જ્ઞાન છે. જ્ઞાન મનરૂપી તાળાની ચાવી છે.





# પુણ્ય...



મુકેશ રાઠોડ

ડોશો ડોશીને દવાખાને બતાવીને લાકડીને ટેકે રીક્ષામાંથી ઉતરી ઘેર મોડે મોડે દોઢ વાગે પહોંચ્યા. ત્યાં તો દરવાજો બંધ. તાળું મારેલુ. ડોશો ધ્રુજતા હાથે ખિસ્સામાથી મોબાઇલ કાઢે ત્યાં જ પાડોશીએ કહ્યુ;

*તમારી વહુ ચાવી આપી ગઇ છે તાળું ખોલી આપ્યું.*

દંપતી અંદર પહોંચે ત્યાંજ વહુ પહોંચી ગઇ. ઝડપથી એક ગ્લાસમાં બાપુજી માટે માટલાનું અને એક ગ્લાસમાં હાંડાનું પાણી બા માટે લઇ આવી. લાલાની પેરેન્ટ્સ મીટીંગમાથી આવત્તા પંચર પડયું ને મોડું થયુ એવો અફસોસ કરતાં રસોડામાં જઇ ફટાફટ દાળ ગરમ મુકી. બા માટે ખમણેલી હળદર, બાપુજી માટે કટકા. બાપુજીની દાળ ગરણીથી ગાળી નાખી. થાકેલ બા ને ડાયનીગ ટેબલને બદલે સોફા પર જ જમવાનું દેવાના હેતુથી થાળી વાટકો ગ્લાસ ટીપાઇ પર ગોઠવતી હતી ત્યાં તો બાએ વહુનો હાથ પકડી લીધો.

વહુ કહે; "બા કેમ? સારૂ તો છે ને " કહી વહુ બા નાં પગ પાસે બેસી ગઇ.

બા એ દવાની કોથળી ખોલી એમાંથી દવાખાને જાતી વખતે વહુએ છાનુંમાનું મુકી દીધેલ બિસ્કીટનું પેકેટ ખોલી બે બિસ્કીટ વહુના મોઢામાં મુકી દીધાં.

"બા તમે દવાખાને ખાધા નહીં?" વહુએ પુછયું.

બા કહે; *તને મુકીને હુ ઘરડી ડોશી ખાઇ લઉ? ઘડીક શ્વાસ લે.*

વહુ બા નાં ખોળામા માથું રાખી દીધું ને આખો થાક ઉતરી ગ્યો.

*અચાનક વહુ કહે "બા મારે એકાદશી હતી.*"

બા કહે; "તુ અમને જે રીતે સાચવે છે ને તને તો રોજ ભાગવત સપ્તાહનું પુણ્ય મળે છે." કહેતાં કહેતાં બે બિસ્કીટ પાછા મોઢામાં મુકી દીધાં.

ત્યાં સામેની ખુરશીમાં બેઠેલ બાપુજીએ બિસ્કીટ માટે મોઢું ફાડી રાખેલ જે જોઇ સાસુ વહુ ખડખડાટ હસી પડયા.

આ બધાં પ્રસંગ વચ્ચે ઘરનો દરવાજો ખુલ્લો રહીં ગયો એ ખબર ન રહીં. ધ્યાન ગયુ ત્યારે દાદાની હયાતી ચેક કરવા આવેલ દોઢ લાખ પગારવાળા બેન્ક મેનેજર આ દૃશ્ય જોઇ રડી રહ્યાં હતાં. ખબર નહીં કેમ...

*જીંદગીની સફર તો તદન મફત છે*,
કિંમત તો ફક્ત ગમતા વિસામાની છે.
સારા..આનંદદાયક
કૌટુંબિક સંબંધ અને ખુશી માટે
વિશાલ શ્રીમંતાઈ.. મહેલ જેવા આવાસ કે મરસિડીઝો
નહીં પણ સાચી સમજણ વધારે જરૂરી છે.





# સ્વ-સ્વીકાર

શૈલેશ ક્રિસ્ટી



કેટલાક લોકો પોતાની જાતને પસંદ કરતા નથી.એના ઘણા કારણો હોય છે. કેટલાંક કારણો વ્યાજબી તો કેટલાંક કાલ્પનિક હોય છે. ક્યારેક તો પોતાને નહીં ગમવા બાબતનાં કોઈ કારણો નથી હોતા.છતાંય આપણે એમ માનતા હોઇએ છીએ કે આપણે જેટલા સારા હોવા જોઈએ એટલા સારા નથી.ઘણી વખત આપણે જે છીએ તે નહીં,પણ આપણે જે નથી, તે આપણે છીએ, તેમ માનીએ છીએ .આવી ભ્રામક માન્યતાઓમાંથી પ્રશ્નો ઊભા થાય છે.આવી ખોટી માન્યતાઓન અને ધારણાઓને કારણે આપણી સ્વયંથી, મુળ ધરીથી દૂર થઈ જઈએ છીએ?

પણ જીવનમાં ઊંડાણથી જોઈએ તો આપણે અનન્ય છીએ. આંખોનો રંગ, હાથની છાપ, અંગૂઠાની છાપ બધું જ અનન્ય છે.આપણા જેવું પહેલાં કદી કોઈ થયું નથી અને થશે પણ નહીં.આમ આપણા જેવું બીજું કોઈ નથી. વળી સ્ત્રી અને પુરુષના ભેગા થવા માત્રથી બાળક જમતું નથી, પણ ઈશ્વરની ઈચ્છા હોય તો જ બાળક જન્મી શકે છે.ઇર્મિયા ૧ ૫-માં લખવામાં આવેલ છે કે“ તને ગર્ભમાં ઘડ્યો તે પહેલા મેં તને પસંદ કર્યો હતો .આમ આપણે પરમેશ્વરનું સર્જન છીએ. આથી કોઈપણ જાતની શરમ કે નાનમ રાખ્યા વિના આપણે પોતાની સ્વીકારી લેવા કે પસંદ કરવા જોઈએ।તમે જોયું હશે કે જ્યારે આપણે બીજાના સંપર્કમાં આવીએ છીએ ત્યારે ઘણા બધા લોકો આપણને પસંદ કરતા હોય છે. હવે બીજા લોકો જે આપણને પસંદ કરતા હોય તો આપણે શું કામ આપણી જાતને પસંદ કરતા નથી? જો આપણે જ આપણને નહીં ચાહીએ તો આપણુને બીજું કોણ ચાહશે? લાઓત્સુના મત મુજબ“ જેને સ્વમા આત્મવિશ્વાસ છે તે ક્યારેય અન્યને પ્રભાવિત કરવા માટે પ્રયત્ન કરતો નથી .વ્યક્તિને પોતાની જાતથી સંતુષ્ટ હોય તો તેને બીજાની મજૂરીની જરૂર જ નથી કારણ કે જે વ્યક્તિ સ્વયને સ્વીકારે છે તેને આખી દુનિયા સ્વીકારે છે ”.આમ આપણે આપણને પસંદ કરીએ છીએ ત્યારે દુનિયા આપણને પસંદ કરે છે જ.

આપણી આ દુનિયાના સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ નથી, તો સૌથી મુર્ખ પણ નથી. આપણે આ દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ નથી તો ગરીબ પણ નથી .આપણે આ દુનિયાનો સૌથી રૂપાળા વ્યક્તિ નથી તો કદરૂપા પણ નથી.આપણે આ દુનિયામાં સૌથી વધુ ગોરા નથી તો કાળા પણ નથી.આપણે આ દુનિયામાં સૌથી લાંબા નથી તો ટૂંકા પણ નથી.હવે જો આપણે આપણી જાતને નહીં ચાહિયે તો



બીજું કોણ ચાહશે? પણ જો આપણે આપણી જાતનો સ્વીકાર કરીએ છીએ તો આપણામાં આત્મવિશ્વાસ વધે છે . તેની હકારાત્મક અસર આપના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિ અને દરેક બાબતો ઉપર પડે છે.જેનાથી જીવનમાં નાના-મોટા ઘણાં ચમત્કારો બને છે.આપણે જે ઇચ્છયું હોય છે તે તો મળે છે જ,પણ જેની આપણે કલ્પના પણ ન કરી હોય તે પ્રાપ્ત થાય છે.આમ જ્યારે આપણે સ્વ-સ્વીકાર કરીએ છીએ ત્યારે આખું વિશ્વ આપણને સ્વીકારે છે જેના કારણે આપણે સફળ થઈ શકીએ છીએ વિકાસ કરી શકે છે.



# ક્ષમાદાન



જોન ફિલિપ મેકવાન (વડતાલ)

ક્ષમા શબ્દ ધાર્મિકતા અને આધ્યાત્મિકતા સાથે જોડાયેલો શબ્દ છે. અને તેમાં ઘણીજ ઉદારતા હોય છે, તેથીજ જે વ્યક્તિમાં ક્ષમા આપવાનો વિશેષ ગુણ હોય છે તેવી વ્યક્તિ મોટે ભાગે ધર્મભીરુ અને ભલાઈ નો ભંડાર હોય છે. દુર્ગુણો થી તે જોજનો દૂર હોય છે, બીજાનું ભૂંડું કરવાનું તે કલ્પી શકતો નથી. વળી સેવાકાર્ય માં તે અગ્રેસર હોય છે. પ્રભુમય જીવન જીવનાર સજ્જન વ્યક્તિના આ બધા સદગુણો છે.

સામાન્ય રીતે માણસ તેનું અહિત કરનાર ને માફ કરવાનું ટાળે છે અને બદલો લેવાનું સાહસ કે તક તે રોકી શકતો નથી, કારણકે સહનશક્તિ નો અભાવ છે અને આજ મનુષ્ય સહજ સ્વભાવ છે. પરંતુ જો તે પોતાનું વલણ બદલે અને તેનાથી વિપરીત પ્રતિક્રિયા આપે એટલે કે માફી આપે તો નિશ્ચિત લેશમાત્ર શંકા ના કરવી જોઈએ કે તે એક દિવ્ય અને ઈશ્વરીય કૃત્ય ગણાશે. બાઇબલ માં પ્રભુ ઈસુ એ ભારપૂર્વક જણાવ્યું છે કે સીતેર વખત સાત વાર માફી આપવી. (માથ્થી -18-21, 22). મોટેભાગે પ્રત્યેક ધર્મમાં સંતોએ અને ગુરુજનોએ તેમના અનુયાયીઓ અને ધર્મજનોને માફી આપવા માટે અનુરોધ કર્યો છે. કારણકે ક્ષમાદાન એ પુણ્ય નું કાર્ય છે.

આપણું બૂરું કરનારને માફી આપવી તે એક પ્રકારનો વિશેષ સદગુણ છે અને તેમાં આધ્યાત્મિકતાનો અંશ હોવાથી તેનો પ્રભાવ અશક્ય બાબતને શક્ય બનાવે છે ઉપરાંત પરાજયને જીત માં બદલવાનું તથા કલ્પી ના શકાય તેવી તમામ જટિલ બાબતોને પહોંચી વળવાની વિશેષ આવડત અને સામર્થ્ય પ્રદાન થાય છે. કારણકે ક્ષમાશીલતાનો પ્રભાવ ક્યારેય નિરર્થક નથી હોતો બલ્કે તેની અસર અટકાવી ના શકાય તેવી વેગવાન અને હકારાત્મક હોય છે જે આપણને આપણી નબળાઈઓનું ભાન કરાવે છે, તેનો ઉપચાર કરીને અધ્યાત્મિકરીતે તથા નૈતિક રીતે આપણને મજબૂત બનાવે છે. નબળા મનનો માનવી ક્યારેય બીજાને માફી આપી શકતો નથી, તેના માટે તો મજબૂત મનોબળ હોવું જોઈએ. પોતાની વિરુધ્ધ થયેલા દુષ્કૃત્યોને ઈશ્વર ભરોસે છોડવાની તત્પરતા બતાવવી જોઈએ.

આપણે જાણીએ છીએ કે ગુનેગાર ને માફી આપવાથી તેનું હૃદય પરિવર્તન થાય છે અને તે ગુનાહિત પ્રવૃત્તિ છોડીને સારા કાર્યો કરવા માટે ઉત્સાહી બને છે અને તેની નજરમાં માફી આપનાર પ્રત્યે વધુ માન સન્માનની લાગણી પેદા થાય છે અને સમાજ પણ આવી વ્યક્તિનું બહુમાન કરે છે. આપણા સમાજમાં આવા અસંખ્ય ઉદાહરણો મોજુદ છે. આપણા ખ્રિસ્તી ધર્મ માં માફી આપવી તેને સૌથી મોટો ગુણધર્મ માનવામાં આવે છે (માથ્થી -6-14, 15.) " જો તમે બીજાઓના અપરાધ ક્ષમા કરશો, તો તમારા પરમપિતા તમારા અપરાધ પણ ક્ષમા કરશે, પણ જો તમે બીજાઓના અપરાધ ક્ષમા નહિ કરો, તો તમારા પરમપિતા તમારા અપરાધ પણ ક્ષમા નહિ કરે ".

ક્ષમાદાન માં હીલિંગ ફોર્સ હોય છે, એટલે કે ગમે તે ખરાબ અને વિકટ પરિસ્થિતિ ને સુધારવાની વિશેષતા

તેનામાં હોય છે. જ્યાં નફરત અને ધિક્કાર ને લીધે વિનાશ અને પાયમાલી ની શક્યતા હોય છે ત્યાં આ ક્ષમાશીલતાનો ગુણ ઘણીજ વિનમ્રતાથી અને સરળતાથી શાંતિની સ્થાપના કરે છે, ઉગ્ર વાતાવરણને હળવું બનાવી દેછે. માણસના મન મસ્તિષ્કમાં બદલો કે વેર વાળવાનો જે ક્રોધાગ્નિ ભભૂકી રહ્યો હોય છે તેને માત્ર શાંતજ નહિ બલ્કે જળમૂળથી નાબૂદ કરી મૂકે છે. અને નવેસર થી નવા સંબંધો માટે મેદાન મોકળું બને છે. માફી આપવાનો ગુણ કેટલો મહત્વનો અને આધ્યાત્મિક હોય છે એ તેજ વ્યક્તિ સમજી શકે છે જેણે એક વખત મનમાં બીજાને માફી આપવાનું નિશ્ચિત કર્યું હોય ત્યારથી જ તે

તેના જાદુઈ સ્પર્શનો દિવ્ય આનંદ પોતાના જીવનમાં મહેસુસ કરે છે. પોતાના દુશ્મન કે ગુનેગાર ને માફી આપનાર પ્રત્યેક વ્યક્તિ જો માફીની આ પ્રક્રિયાને સતત આગળ વધારે કે જેમાં નિસ્વાર્થ અને બિનશરતી પ્રેમ અતિ ઉત્સાહથી ઉભરાઈ રહ્યો હોય તો નિશ્ચિત માનવું કે તેઓ હીલિંગ પાવર નો અનેરો અને સ્વર્ગીય આનંદ અંદરથી મહેસુસ કરી શકે છે જે અજોડ અને અદ્વિતીય હોય છે. "Forgiveness a pill for every ill" અર્થાત પ્રત્યેક બીમારીનો (ગુનો ) એક જ ઈલાજ છે માફી. માફીને લાયક વ્યક્તિને માફી આપવી એ આપણો માનવતાવાદી ધર્મ છે જેમાં ઈશ્વરીય ઈચ્છા સમાયેલી હોય છે.





# ક્રાઈસ્ટ ચર્ચ - શિમલા

અંકિત ડાભી



ક્રાઇસ્ટ ચર્ચ શિમલાનું હાર્દ કહેવાય છે, શિમલાની મધ્યમાં આ ચર્ચ આવેલું છે ક્રાઇસ્ટ ચર્ચ નિયો ગોથિક કળામાં સન 1857 બનાવવામાં આવ્યું હતું, આ ચર્ચ એંગ્લિકન બ્રિટીશન સમુદાય માટે બનાવવામાં આવ્યું હતું, જેને તે સમયે સિમલા કહેવાતું હતું.

આ ચર્ચની આસપાસનો વિસ્તાર ઘણો વિશાળ અને સુંદર છે, તેથી મોટાભાગની હિન્દી ફિલ્મના સુટીંગ અહીંયા થયા છે. 3 ઈડિયટ્સ ફિલ્મની શરૂઆતમાં રણછોડદાસ ચાંચડને શોધવા શિમલા પહોંચે છે તે સીન ક્રાઇસ્ટ ચર્ચની સામે ધ રીઝ પર ફિલ્માવવામાં આવ્યું છે, તેની સાથે બેન્ગ બેન્ગ, બ્લેક જેવી સુપરહિટ ફિલ્મનું સુટીંગ પણ અહીંયા કરવામાં આવ્યું હતું.

ધ ક્રાઇસ્ટ ચર્ચની અંદરની વેદી ખુબ સુંદરને આકર્ષક રીતે બનાવવામાં આવી છે. આપ જો ચર્ચને અંદરથી જોવા ઇચ્છતા હોય તો રવિવારે મુલાકાત લેવી કારણ ચર્ચ દર્શન માટે રવિવારે ખુલ્લું મુકવામાં આવે છે. અમો જ્યારે ક્રાઇસ્ટ ચર્ચની મુલાકાત લીધી તે દિવસ ભસ્મ બુધવાર હતો જેથી અંદરથી ચર્ચના દર્શન કરવાનો લ્હાવો અમને મળ્યો...





# પાઘડી પહેરી



જોસેફ મેકવાન (વડોદરા)

લાગણી ના સંબંધો હોય અને ખાસ ઉજવણી ના પ્રસંગો હોય એટલે એકધાર્યા રુટીન લાઇફમાં થી થોડો ચેન્જ મળે અને જીંદગીમાં અનેરા આનંદ માણવાનો લ્હાવો મળે છે. એવા જ એક લગ્ન ની ઉજવણી માં ભાગ લેવાનો અવસર મને મળ્યો. લગ્ન ના આગલા દિવસ ની સાંજે છોકરી ના ઘરે રાખવામાં આવેલ સંગીતમાં અમને (છોકરાના નજદીકી રીશ્તેદારો) પણ આમંત્રણ હતું એટલે અમે ભરુચ ગયા. ત્યાં રીસોર્ટ માં અમારી રહેવાની વ્યવસ્થા હતી અને બીજા દિવસે મેરેજ પણ ત્યાં જ હતું. સાંજે ૭ વાગે સંગીત ની મહેફીલ શરુ થઇ તે મોડી રાત સુધી ચાલી. છોકરા છોકરી બંને તરફથી એક પછી એક પરફોર્મન્સ થતાં ગયા અને ૮ પછી ડીનર પણ શરૂં કર્યું. બંને સાથે સાથે ચાલતા રહ્યા. અમારુ કુટુંબ સંગીત અને સાહિત્યનો શોખ અને સૂઝ ધરાવે છે મઝા ની વાત તો એ હતી કે મેં ૨૦૦૨ માં મારી દિકરી ના લગ્ન પ્રસંગે પહેરવા માટે સીવડાવેલો ડ્રેસ જેને પહેરવા માટે અનેક પ્રસંગોએ પત્ની ના આગ્રહ છતાં મેં નહીં પહેરેલો ડ્રેસ મેં સંગીત માં ખુશી ખુશી પહેર્યો. બીજા દિવસે સાંજે લગ્ન હોવાથી અમે કબીરવડ ફરવા ગયા. બોટમાં નર્મદા ક્રોસ કરી જવાનું હતું. આ પહેલાં પણ હું બે વાર કબીરવડ આવેલો છું પણ અત્યારની પરિસ્થિતિ માં ત્યાં કશું નથી. ધક્કો માથે પડ્યો.

સાંજે વડોદરા થી જાન આવી પછી ચા નાસ્તો કરી ને વરઘોડો શરુ થયો. બેન્ડ, બગી અને લાઈટ બધીજ વ્યવસ્થા કરવામાં આવી હતી. અમે બધા પણ સજી ધજી ને તૈયાર હતા. જેવું બેન્ડ બાજા પર ગાયન શરું થયું એટલે બધા ના હાથ પગ માં મૂવમેન્ટ શરુ થઇ ગઈ. પછી તો ગરબા અને ડાન્સ ની એવી રમઝટ જામી કે રીસોર્ટ ની બહાર થી અંદર જવામાં એક કલાક થી વધુ સમય લાગ્યો. અંદર અમારું સ્વાગત થયું અને પછી લગ્ન વીધી અને જમણવાર સાથે સાથે મોડી રાત સુધી ચાલતા રહ્યા. અમે રાત્રે ૩ વાગે ઘરે પહોંચ્યા. અગત્યની વાત એ છે કે ૭૩ વર્ષે પહેલી વખત મેં ડાન્સ કરવાનો પ્રયત્ન કર્યો. ૧૮ વર્ષ પહેલાં નો ડ્રેસ જે પહેરવા માટે હું વારંવાર આનાકાની કરતો હતો એ ડ્રેસ ખુશી ખુશી પહેર્યો અને જીવનમાં બીજી વાર માથે પાઘડી પહેરી. આ અનુભવ જ એવો આહલાદક હતો. "ઉત્સાહ એ Energy (કાર્યશક્તિ) નું મૂળભૂત માનસિક સ્વરુપ છે"! એને બીજી રીતે કહીએ તો " ઉત્સાહ itself is an energy!"



# Teachers: Moral Education?

*In last Diwali vacation, I was travelling from Anand to Chennai by train. While the train was passing from Telangana, it was midnight. Suddenly, the train stopped and a guard came in our compartment and told us to lock all the doors and windows. We were shocked and asked him what had happened? He asked us to lock the doors and windows. He asked all the passengers to do the same. When he found that the train was locked, he ordered the driver to start the train. We couldn't understand what was going on and suddenly we heard noise of stones being pelted. The train was travelling at high speed when suddenly huge stone came hurrying through the window near which I was sitting. It continued for the time, but soon we came to know that a person who was sitting beside us was familiar with that area. So we asked him about the chaos that took place. He said the stones were thrown by some school children and the people called "Naksalvadi" bribed them. Since those children are from rural area they are disparate and can involve themselves in any practice for some money. This seemed absurd and outrageous. How can one think of involve innocent children in such malpractice. I questioned the future of those children.*

*I feel that future of such misleader children is in the hands of teachers. It becomes the responsibility of teachers to teach moral values to them. Teachers can help in child realize to choose between right and wrong. They themselves should set an example for them by practicing the values. Teacher's duty is not only to teach books but they should impart some moral values as well. Children are considered as the future of India so being a teacher we should teach them some lessons on morality. Our responsibility is not only to make our learners good academicians but also to make them good citizens. A teacher should feel proud and humble of his/her profession and help in building better country.*

***- Carol M. Macwan***





# ખરું-ખોટું અને સાચ-જૂઠની પરખ

રોયલ ખ્રિસ્તી



આપણી આજુબાજુમાં અને સમાજમાં ચાર પ્રકારના લોકો હરતાફરતા અને વસેલા હોય છે. તેઓમાંના દરેકને ખરું અને ખોટું કે સાચું અને જૂઠું સમજવાનું ડહાપણ ઈશ્વરે આપેલું જ હોય છે. તેઓમાં એક વર્ગ એવો છે જે હંમેશાં ખોટું જ કર્યે રાખે છે. આ વર્ગના લોકો ખોટાં આચરણો કરતા હોવા છતાં તેઓને કુટુંબનો, સમાજનો, વડીલોનો, ઈશ્વરનો કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો ડર લાગતો હોતો નથી. તેઓ ફક્ત પૈસાને જ પરમેશ્વર માને છે. તેઓ જ્ઞાની અને ચાલાક પણ હોય છે. કેમ કે તેઓ ભોળી વ્યક્તિઓના વિચારો જાણી લઈને તેઓને છેતરવાનું એટલે કે ખોટું કામ કરતા રહે છે. તેઓ એવું સમજે છે કે આ છેતરાયેલા લોકો અને સમાજ સમય જતાં જે ખોટું થયેલું છે તેને ભૂલી જશે. આ થઈ ખોટું કરનાર વ્યક્તિઓના વર્ગની વાત.

બીજા વર્ગના જે લોકો છે તેઓને સ્વાર્થી માણસો તરીકે ઓળખવામાં આવે છે. તેઓને માટે ખરા કે ખોટા તથા સાચા કે જૂઠા વચ્ચે કશો જ ફરક રહેતો નથી. તેઓ તો 'આપણે ભલા અને આપણું ઘર ભલું બીજાનું જે થવું હોય તે થાય' એવું માનીને લહેર કરતા હોય છે. ખરી બાબતોને ખોટી ગણીને તેને વધારાની ઝંઝટ માનીને તેનાથી અલગ રહે છે. તેઓ એવું માને છે કે લોકોનું ભલું કરવાથી આપણને શું મળવાનું છે! એક ગાડરિયા પ્રવાહની જેમ તેઓ હેતુવિહીન રીતે પોતાનું જીવન વ્યતીત કર્યે જતા હોય છે.

ત્રીજા વર્ગના લોકો એવા છે કે જેઓ ખોટું થતું હોય તે જાણતા હોવા છતાં આંખ આડા કાન કરીને તેને સહન કર્યે જ જતા હોય છે. બીજા કોઈની સાથે પણ જો ખોટું થયું હોય તોપણ જીવ બાળ્યા કરે છે પણ તેઓ તેને પડકારતા હોતા નથી. હંમેશાં ભયમાં જ જીવન જીવતા હોય છે. તેઓને પોતાની ઇજ્જત જવાનો, સમાજનો, કુટુંબનો, કાનૂનનો, ખોટી વ્યક્તિનો, પોતાની જાતનો અને છેલ્લે ઈશ્વરનો ડર હંમેશાં લાગેલો રહેતો હોય છે. આવા લોકો ગૂંગળામણમાં જ જીવતા હોય છે.

અને છેલ્લે ચોથા વર્ગની વ્યક્તિઓની વાત કરીએ. તેઓ ખરા અર્થમાં સાચા લોકો છે. તેઓ ખોટું કરતાં નથી. એટલું જ નહીં પણ ખોટું થવા પણ દેતા નથી. તેઓ હંમેશા ખોટાનો વિરોધ કર્યે જ રાખતા હોય છે. તેઓને ઈશ્વર સિવાય બીજા કોઈનો કોઈ જ પ્રકારનો ડર રાખતા હોતા નથી. તેઓ હંમેશાં સત્યને માર્ગે ચાલતા હોય છે. પરંતુ વિડંબણા તો એ વાતની છે કે આ માર્ગમાં તેઓને ફક્ત એકલા જ આગળ ધસવું પડતું હોય છે. તેઓ ઘણી વખત હારીને પણ જીતી જતા હોય છે. તેઓ ફક્ત ઈશ્વરની બીકમાં અને ઈશ્વરના ચિંધેલા માર્ગમાં પોતાનું જીવન જીવતા હોય છે. આ પ્રકારના લોકો જ ઇતિહાસ સર્જે છે. અને ઇતિહાસમાં પોતાનું નામ અંકિત કરે છે.




હવે આપણે જ નક્કી કરવાનું કે આ ચાર વર્ગમાંથી આપણે કયા વર્ગમાં આપણું જીવન જીવીએ છીએ અને કેવા પ્રકારનું જીવન આપણે જીવવું જોઈએ? તો ચાલો આપણે ખરા એટલે સાચા વર્ગના લોકોના જીવન જેવો વ્યવહાર કરીએ. એ જ ખરો, સાચો અને પ્રભુનો માર્ગ છે.



# પ્રેમ

હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા



"પ્રેમને જો વાચા હોત તો જગત જોગી બની જાત
કંઈક હલકીને હેમાળે જાત ભગવા પહેરી ભુધરા".

સમર્થ રાજકવિ ભુધરજી જોષી યાદ આવે કે કેટલી સુંદર વાત કવિવરે આલેખી, ને એય એક વાત ટાંકુ કે આ પવિત્ર સંબંધને યુગોથી લોકો દ્વારાં ટિકા, ટિપ્પણી, શંકા, કુશંકા એ વગોવવામાં આવ્યો પણ શું આ તુચ્છ ચંચુપાતો જગતનાં આવાં ઋડા તત્વને નબળું પાડી શકે?

"લગી લગી સહુ કોઈ કહે ને લગી નહીં તલભાર
ઐસી લગી મીરાંબાઈ કો જીસને છોડ દિયા ઘરબાર"

મેવાડની મહારાણીનાં પદને ડાબા પગની ઠોકરે ઉડાડી ભગવે જેણે ભગવાનને ભોળવ્યો એ 'પ્રેમ'નું અમર પ્રતિક હોય કે વન-વન ઉપવન જેણે મનની અટારીએ ગોપીએ ગોપીએ નિરખ્યો એ રાધા હોય આખર આ પ્રેમેજ તો જગતે આ અમરપાત્રો ને આજદિન સુધી જીવંત રાખ્યાં છે.

કળયુગી વાયરાએ આ પવિત્ર સંબંધને ધુળ ઉડાડવાની ચેષ્ટા નિ:સંદેહ કરી છે ને એટલેજ આજે લોકો 'પ્રેમ' શબ્દ બોલતાય ખચકાટ ને સંકોચ અનુભવે છે.

ખેર એતો સમય સમયની બલીહારી પણ અત્રે એ વાતને ચોક્કસપણે હું ગૌરવભેર વળગી રહીશ કે હુંય પ્રેમમાં પડ્યો, પ્રેમ કર્યો, પ્રેમપત્ર લખ્યો ને સાથે જીવવાં-મરવાનાં એકબીજાંને કોલ દીધાં ને એ પાત્રનેજ પોતાની અર્ધાંગીની બનાવી ને હા આ તમામ પ્રયોજનો અમે અમારાં વડીલોની સંમતિથી તેઓએ નક્કી કરેલ પાત્ર સાથે પ્રયોજ્યાં ને એય સંબંધનાં ગોળધાણા વહેંચ્યા પછી.😀😄



# કાવ્ય વિભાગ



શૈલેષ વાણીયા 'શૈલ'

## દવા

ન તલવારની ધાર થી
માત્ર નજરોના બાણ થી
દુ:ખી થયા તમો આજ
દવા આપી મારા હાથથી
આંખમાં આંસુ વિરહ ના
હરખાયો તારા આગમનથી
મસ્ત જવાની રસીલા હોઠ
પીવાદો જામ આંખો થી
રંજ નથી ફની દુનિયા નો
આવશે યાદ મારા જવાથી



નિમીષા સાયગલ

## યાદ આવે છે

દુ:ખો "મા" યાદ આવે છે
એવું હોય ત્યારે યાદ આવે છે.
અંધારામા જ રસ્તો દેખાતો નથી,
ભીતરમા યાદ આવે છે,
નાની-મોટી સુખની ક્ષણોમાં,
તમારી મને તારી યાદ આવે છે.
"મા" સ્વાર્થી હોતી નથી,
એટલે જ તારી યાદ આવે છે.
ભીનામાં સુવે સુકામાં સુવાડે
નવગુણો લઈને યાદ આવે છે.

---



નગીન શાહ

## મન

જલો તો દીપ ની જેમ જલો....
કે ખુદ જલો ને ઉજાસ ફેલાઈ જાય.
સુખચેન કોઈના જોઈના જલો... કે
સુખ-ચેન ખુદાના જ જલી જાય.
ઉજાસ દેખી કોઈ સમીપ આવે....
ને કોઈ મનના અંધારા દૂર થઈ જાય
મન કેરા મંદિર સદા ખુશ રાખો
કે મન મંદિર દીપનવા પ્રગટી જાય



સંજય રોન્ઝા

## ગઝલ

આમ તમને લાગે હું સાચે જ મસ્ત છું,
પાછો મિજાજથી લથબથ હું મદમસ્ત છું.
જિંદગી એમ સીધી નથી વીતતી મિત્રો,
રોજબરોજની મુશ્કેલીઓથી અસરગ્રસ્ત છું.
કોને કહ્યું કેટલાક નસીબદાર હોય છે?
જેને મળું કહેછે, નસીબનો લકવાગ્રસ્ત છું.
આવે યાર એતો જિંદગીમાં થોડા ઝંઝાવાત
બોલ, કે છું સુખી બસ થોડો પરિસ્થિતિથી ત્રસ્ત છું.
રાખ થોડો વિશ્વાસ પોતાની જાત પર"સંજય",
કહી દે જિંદગીને કે, હું ય જબરદસ્ત છું.

# કાવ્ય વિભાગ



પ્રકાશ પરમાર (સુરત)

## મારું ગીત

પંખીને હોય કેવું સારું....!
મનગમતા ઝાડની મનગમતી ડાળી પર બેસી શકે પરભારું
ઝાડનેય નથી હોતું મારું કે તારું
પંખીને હોય કેવું સારું....!
કાગડોય અહીં બેસી ક્રાઉ ક્રાઉ કરતો ને બુલબુલ પણ અહી બેસી બોલે
પારેવા જોડ કરે વહાલની ઉજાણી એની મસ્તીમાં ડાળ આખી ડોલે
તડકો કે છાંયડો કે ફળ ફુલ કાંટા, અહીંયા તો બધું સહિયારુ.
પંખીને હોય કેવું સારું....!
ક્યાંથી આવો છો? તમે કેવા છો? એવું તો ઝાડ કદી કોઈને ન પૂછે
ક્યાંથી આવો છો? તમે કેવા છો? એવું તો પંખીઓ કોઈને ન પૂછે
માણસ જેવું નથી કે આંસુના કારણ પહેલા પૂછે ને પછી લુંછે
એટલે તો કેટલાય માણસને નડી રહ્યું માણસ હોવાનું અંધારું...
પંખીને હોય કેવું સારું...!



ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી

## મિત્ર મારો?

મિત્ર મારો ક્યાં છૂપ્યો છે? શોધતાં મળતો નથી;
વાતચીતમાં, ગોષ્ઠિમાં સંગે હવે ભળતો નથી.
પીડા - વ્યથાની, સુખદુ:ખની વાતડી કરતા હતા,
વાટે અમે સંસારની સાથે કદમ ભરતા હતા.
પણ હવે એ ક્યાં ગયો? મેળામહીં મળતો નથી,
હોય રૂડા અવસરો પણ પર્વમાં ભળતો નથી.
ફૂલડાં ભરેલા ઉપવને, થઈ એકદિલ ફરતા હતા
જાણે સરિતામાં અમે ઉમંગથી તરતા હતા;
પણ હવે એ ક્યાં હશે? મંદિરિયે મળતો નથી,
હું સાદ પાડું પણ રિસેલો મિત્ર સાંભળતો નથી. મિત્ર મારો?



ડૉ. કે.પી. રાજભારતી

## બનાવી જાય છે...

ઈશ્વરે બનાવ્યો માનવીને પણ માનવ ઇશ્વરને બનાવી જાય છે.
અહિંસાની વાતો કરનારા આ જગતમાં હિંસા આચરી જાય છે.
સત્યનું છોગુ પહેરીને ફરનારા......
આ જગતમાં અસત્ય આચરી જાય છે...
અપ્પુડેટ બની ફરનારા જગતમાં
બીજા ના ગળા કાપી જાય છે..
શિષ્ટાચારની વાતો કરનારા.
આ જગતમાં ભ્રષ્ટાચાર કરી જાય છે..
પ્રેમની વાતો છડેચોક કરનારા
આ જગતમાં બીજાના દિલને દુભાવી જાય છે..



ઈવા પટેલ

## ગઝલ

ચાંદને સિતારાનો સહવાસ લાગે છે,
ધ્રુવ તારો એનો ખાસ લાગે છે.
ખીલ્યા છે ફૂલો ઉપવનમાં વસંતે,
સુવાસ એની આસપાસ લાગે છે,
બગીચામાં ઉડે પતંગિયાઓ,
ફૂલોમાં અનોખી નરમાશ લાગે છે.
ભમરાઓ મંડારાયા પાનખરના ગાનમા,
વેલાઓ તેથી જ ઉદાસ લાગે છે,
કેસુડો આવ્યો રંગ ચડાવીને,
ફાગણ આવ્યાનો વિશ્વાસ લાગે છે.



રોશની પરમાર

## <u>હું નારી</u>

કેવી છે તારી મારી કહાની
તું છું નરને હું છું નારી
મારી મારીને ફક્ત મારી
કરૂં વાત તને ઈચ્છા ની
જુમે તું જગ નો બાદશાહ
શાને બનાવી બિચારી
લાગે છે વાત મજાની
આવી તારી મારી કહાની
પેડા તારા જન્મ ની નિશાની
આંટીઘૂટી જલેબી વાળી હું
સંસારમાં માત્ર શબ્દ ની રાણી
પૂછો તો ખરા સાચે જ તારી
લાગે છે વાત મજાની
આવી તારી મારી કહાની
દુ:ખ દર્દમાં યાદ આવે 'મા' ની
સંસાર ઝઘડામાં ગાળો દે 'મા' ની



હિતેશ સતરીયા

## જીંદગી ફટતી જાય છે

આમ તો જિંદગી રોજ ઢળતી જાય છે.
સુખ-દુ:ખના ગારામાં દળતી જાય છે.


જિંદગીનો શાશ્વત સૂર્ય રોજ ઊગે છે,
ઉધાર શ્વાસે જિંદગી પીસાતી જાય છે.

શ્વાસે-શ્વાસે માનવી સપનાં સજાવે છે,
સુખ-દુ:ખના આંસુમાં ભીંજાતી જાય છે.

મળી છે જિંદગી પાપ-પુણ્ય પ્રમાણે,
કર્મોના હિસાબે સ્વર્ગ માંગતી જાય છે.

'હરીશે' જિંદગીમાં નર્યો સંઘર્ષ ભર્યો,
આંખ પણ ધીમે-ધીમે નમતી જાય છે.

આ જિંદગીનો હવે ભરોસો નથી રહ્યો,
કાચના વાસણ જેમ ફૂટતી જાય છે.




આપણા પાપોને ખાતર ક્રૂસ પર જડી ત્રીજે દિવસે સજીવન થયેલા

ઈશ્વર પિતાનો મહિમા થાઓ...

‘ઝરણું E-MAGAZINE’ પરિવાર આપને તથા આપના પરિવારને

પાસ્ખાં પર્વની શુભેચ્છાઓ પાઠવે છે.

**શુભેચ્છકો:**

*Jacks*
**GRAPHIC DESIGNER**
**M. 9033444808**

તંત્રીશ્રી: પ્રકાશ પરમાર

સહતંત્રીશ્રી: શૈલેષ વાણીયા ‘શૈલ’